## ૨૮– તહોમતનામું

ફો.કે.નં:– ૨૯૪/૨૦૨૬
આંક– ૮

### હું નિમિષા ગંગારામભાઈ સુરતી, એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

તમો આરોપીઓ (૧) રાહુલ ઉર્ફે પીંગરો વિજયભાઈ હળવદીયા ઉ.વ. ૨૩ ધંધો– ભંગારનો ધંધો, રહે. વીશીપરા, મોરબી, (૨) કીશન મોતીભાઈ પરસાડીયા ઉ.વ. ૨૫ ધંધો– પશુપાલન રહે. દલવાડી સર્કલ, મચ્છુનગર, મોટી વાવડી, મોરબી–૧નાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

આ કામના ફરીયાદી રજનીકાંત ભીખાભાઈ દેથરીયા તા.૦૨/૧૨/૨૫ના રોજ રાબેતા મુજબ સવારના સાડા આઠ વાગ્યે દુકાને ગયેલ હતા અને દિવસ દરમ્યાન હળવદ માર્કેટ યાર્ડમા દુકાન નં.૫૮મા માં કૃપા ટ્રેડીંગ નામની ખેતપેદાશ કમીશન એજન્ટ તરીકેનો ધંધો કરી સાંજે સવા સાતેક વાગ્યે ઘરે જવા નીકળેલ ત્યારે ફરીયાદીની દુકાનના મહેતાજી લાલજીભાઈ નગીનભાઈ સીરોયાએ દુકાનના લેતીદેતીના નીકળેલ રૂા.૬,૯૦,૦૦૦/– ફરીયાદીને આપતા તે રૂપીયા ફરીયાદીએ ગણીને થેલામા મુકેલ અને પોતાનુ સ્પ્લેન્ડર મો.સા. નં.જીજે–૩૬–એએન–૬૧૪૨ લઈને ઘરે જવા નીકળેલ અને રૂપીયા ભરેલો થેલો મો.સા.મા આગળ ટાંકી ઉપર રાખેલ અને રસ્તામા ધરતીનગર પાસે જલારામ કીરાણાની દુકાનથી ગોળ લઈને ઘરે જવા માટે નીકળેલ અને આશરે સાડા સાતેક વાગ્યે રાણેકપર ચોકડીથી રાણેકપર રોડ પર જતા હતા અને આનંદ બંગ્લોઝ પાસે પહોંચવા આવતા પહેલા એક મો.સા. ઉપર બે અજાણ્યા માણસો આવેલ અને તેમા પાછળ બેસેલ માણસે એકદમ મરચાની ભુકી ફરીયાદીના મોઢા ઉપર ફેંકેલ અને મો.સા.ની પેટ્રોલની ટાંકી ઉપર રૂપીયા ભરેલ થેલો ચાલુ મોટર સાયકલે ખેંચી લઈ રાણેકપર બાજુ ભાગવા લાગતા ફરીયાદી પણ પોતાનુ મો.સા. લઈને તેની પાછળ થયેલ, તે વખતે રસ્તામા પણ તે મરચાની ભુકી ઉડાડતા જતા હતા અને ફરીયાદી તેની પાછળ પાછળ જતા રામવિલામા અંદર જતા સામે બંધ ગેટ આવી જતા બંને ત્યાં મોટરસાયકલ મુકીને દિવાલ કુદીને ભાગી ગયેલ

હતા અને ફરીયાદી મો.સા. થી નીચે ઉતરતા તેઓની આંખોમા ખુબ જ વધારે પડતી બળતરા થવા લાગેલ હતી જેથી ઉભા રહીને ફરીયાદીએ તેઓના કૌટુંબીક ભાઈ રાજુભાઈ તથા ઓળખીતા વિજયભાઈ એરવાડીયાને જાણ કરેલ ત્યારાબાદ બધા ત્યાં આજુબાજુમા ખુબ જ તપાસ કરેલ પરંતુ મોટર સાયકલવાળા બંને માણસો કે રૂપીયાનો થેલો મળી આવેલ નહી. બનાવ વખતે ફરીયાદી ખુબ જ ગભરાઈ ગયેલ અને મરચાની ભુકીના કારણે આંખમા બળતરા થતા હળવદખાતે નીલકંઠ હોસ્પિટલમા સારવાર કરવ્યા બાદ ફરીયાદ કરવા ગયેલા આમ કરીને તમો આરોપીઓએ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ની કલમ–૩૦૯(૬), ૩(૫), ૬૧તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે.

આમ, તમો આરોપીઓએ ઉપર જણાવ્યા મુજબનાં ગુન્હાઓ આ અદાલતની હકુમતમાં કરેલ હોય આ ગુન્હાઓ અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો આદેશ ફરમાવવામાં આવે છે.

તા:– ૨૫/૦૨/૨૦૨૬ મારા રુબરુ

હળવદ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

ફોજદારી કેસ નં.૨૯૪/૨૦૨૬
આંક : ૯

**આરોપીની જુબાની**

હું હળવદ  ના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની રુબરુ હાજર થઈ લખાવું છું કે :

મારું નામ:   રાહુલ ઉર્ફે પીંગરો વિજયભાઈ હળવદીયા

મારા પિતાનું નામ:   વિજયભાઈ હળવદીયા

મારી અંદાજીત ઉંમર: ૨૩ વર્ષ

મારો ધંધો: ભંગારનો ધંધો

હું રહે. વીશીપરા, મોરબીનો રહેવાશી

પ્રશ્ન ૧:   તમને પોલીસ પેપર્સની નકલ મળેલ છે.
જવાબ :   હાજી.

પ્રશ્ન ૨:  તમો આરોપીએ આંક– ૮નાં તહોમતનામામાં જણાવ્યા મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ હોય જે ગુનો તમોને કબુલ છે?

જવાબ :  ગુન્હો કબુલ નથી. કેસ આગળ ચલાવવો છે.

.........................................

સ્થળ:– હળવદ.
તારીખ  : ૨૫/૦૨/૨૦૨૬                                        અમારા રુબરુ,

એડી. ચીફ. જયુડી. મેજી.,
હળવદ.

ફોજદારી કેસ નં.૨૯૪/૨૦૨૬
આંક : ૧૦

**આરોપીની જુબાની**

હું હળવદ  ના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની રુબરુ હાજર થઈ લખાવું છું કે :

મારું નામ:   ક્રીશન મોતીભાઈ પરસાડીયા

મારા પિતાનું નામ:   વિજયભાઈ હળવદીયા

મારી અંદાજીત ઉંમર: ૨૫ વર્ષ

મારો ધંધો: પશુપાલન

હું રહે. દલવાડી સર્કલ, મચ્છુનગર, મોટી વાવડી, મોરબી–૧નો રહેવાશી

પ્રશ્ન ૧:          તમને પોલીસ પેપર્સની નકલ મળેલ છે.
જવાબ :          હાજી.

પ્રશ્ન ૨:  તમો આરોપીએ આંક– ૮નાં તહોમતનામામાં જણાવ્યા મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ હોય જે ગુનો તમોને કબુલ છે?

જવાબ :  ગુન્હો કબુલ નથી. કેસ આગળ ચલાવવો છે.

.........................................

સ્થળ:– હળવદ.
તારીખ  : ૨૫/૦૨/૨૦૨૬                                        અમારા રુબરુ,

એડી. ચીફ. જયુડી. મેજી.,
હળવદ.